TANKARIA COVID CARE CENTRE

(ORG. BY ANJUMAN SARVAJANIC HOSPITAL)
PLACE : JAMIATL BANAT TANKARIA, (PADARIYA ROAD)
AT & POST : TANKARIA, TA & DIST : BHARUCH (GUJARAT)

તારીખ :- 20/05/2021

Tankaria Covid Care Centre detailed report/Analysis

ટંકારીયા કોવિડ કેર સેન્ટર વિસ્તૃત રીપોર્ટ/ પૃથક્કરણ

અસ્સલામુ અલયકુમ વરહમતુલ્લાહિ વ બરકાતુહૂ

આપણી શરીઅતે મુતહહરાએ માનવસેવા (ખિદમતે ખલ્ક) ને એક ઉચ્ચ સ્થાન આપ્યું છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના મુબારક જિવન ચરિત્રમાં આપણને આ વિશેના અનેક ઉદાહરણો મળી આવે છે, માનવસેવા ના કેટલાય કાર્યોથી પ્રોત્સાહિત થઈ કેટલાય લોકોના ઈસ્લામના વર્તુળમાં દાખલ થવાના ઉદાહરણો પણ મૌજુદ છે. ટુંકમાં માનવ સેવા, ખિદમતે ખલ્ક ઘણી મોટી ઈબાદત છે.

આવી જ રીતે આજના સમયમાં કોરોના નામની બિમારીથી પીડાતા લોકોની સેવા (માનવસેવા) ના અનુસંધાનમાં લોકો દ્વારા, લોકો માટે સ્થાપના કરવામાં આવેલ આપણા સમાજની એક સંસ્થા એટલે કે **ટંકારીઆ કોવિડ કેર સેન્ટર.**

કોરોના મહામારીમાં આપણા ગામ ટંકારીઆ માં જ્યારે અનેક લોકો કોરોના બીમારીમાં સપડાયેલ હોય, કોરોનાથી સંક્રમિત રોજના ૩ થી ૫ જેટલા વ્યકતિઓ અલ્લાહની રહમતમાં પહોંચી જતા હોય તો આવા કપરા સમયમાં લોકોની હાલત જોઈ ગામના આગેવાનો, પ્રદેશમા વસતા ટંકારીઆ ના યુવાનો, ગામની સંસ્થાઓ તથા વ્યક્તિઓ દ્વારા સૌ પ્રથમ આ કામની શરૂઆત ટંકારીઆ જામે મસ્જિદના અઝાન આપવાના માઇકનો ઉપયોગ કરી દુઆઓ ગુઝારી કરવામાં આવી, જેમાં ગામના લોકો મસ્જિદમાં અને ઘરોમાં રહી સામીલ થયા હતાં. દુઆઓ પછી ગામ વતી સદકાની કાર્યવાહી થઈ અને પછી તરત મોટા પાદર દારૂલ ઉલુમના હોલમાં ગામના અનેક લોકોની હાજરીમાં એક મિટિંગ નું આયોજન કરવામાં આવ્યું. ત્યાર બાદ લોકોએ આ કામને વધાવી લીધું અને હાથો હાથ તન - મન - ધન થી ખિદમત આપી આજે એક કોરોના આઈસોલેશન સેન્ટર સ્થાપી સફળતાનું એક કદમ સર કર્યું. જેનું ઉદ્ઘાટન તારીખ ૨૪/૦૪/૨૦૨૧ ના રોજ ટંકારીઆ ગામથી બે કિલોમીટર ના અંતરે આવેલ દારૂલ બનાત (છોકરીઓનો મદ્રસો) માં લોકો દ્વારા જગ્યા

પસંદ કરી ત્યાં શરૂ કરવામાં આવ્યું. આવા નેક કામને સૌ પ્રથમ એકડે એકથી ઘુંટીને હોસ્પિટલ જેવા સ્વરૂપમાં ઉભું કરવામાં તન-મન-ધન જે રીતે પણ જે કોઈ વ્યક્તિ એ મદદ કરી હોય તે બધાનો હદય પુર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. અને ટંકારવી બ્રધર્સ ને દિલની અઠાગ ગેહરાઈયોથી સલામ કરીએ છીએ.

સૌ પ્રથમ તો ગ્રામજનો આ ધ્યાન માં રાખે કે ઉપરોક્ત ઉભું કરવામાં આવેલ સેન્ટર એક આઈસોલેશન સેન્ટર છે, જ્યાં દર્દીઓ માટે ઓક્સિજનની સુવિધા તથા મેડિસીન/દવાઓની પુરતી સુવિધા પુરી પાડવામાં આવે છે, દર્દીઓ માટે એકસ - રે મશીન તથા બ્લડ ટેસ્ટિંગ (લોહી તપાસ) માટેની સુવિધા છે, જો કોઈ દર્દિને ઓક્સિજન માટે વધારે જરૂર જણાય તો ડોક્ટર ની સલાહ સુચન મુજબ બાયપેપ મશીન લગાવી ઓક્સિજન લેવલ મેનટેઈન કરવાની પુરતી કોશિશ કરવામાં આવે છે, (હાલના સંજોગોમાં બાયપેપ મશીન જલ્દીથી અને સરળતાથી મળી શકે એમ નથી તે છતાં ૬ બાયપેપ સંસ્થા અને દાતાઓ તરફથી ઉપ્લબ્ધ કરવામાં આવ્યા, અને એક સી.પેપ મશીન જનસેવા ચેરીટેબલ ટ્રસ્ટ સિતપોણ તરફથી સંસ્થાને ઉપયોગ માટે આપવામાં આવ્યું છે) અને જો તેનાથી પણ વધીને પરિસ્થિતિ બગડે તો અન્ય હોસ્પિટલ કે જ્યાં **ICU** વોર્ડ હોય, વેન્ટિલેટર તથા બાઈપેપ મશીનની પુરતી યોગ્ય સુવિધા હોય તેવી હોસ્પિટલમાં પેશન્ટ ને રીફર કરવામાં આવે છે,આ સેન્ટરમાં વેન્ટિલેટરની સુવિધા ઉપલબ્ધ નથી કારણકે વેન્ટિલેટર ને નિષ્ણાંત ડોક્ટર જ ઓપરેટ કરી શકે છે.

ટંકારીઆ કોવિડ કેર સેન્ટર માં રાત દિવસ કેવી રીતે પસાર થાય છે તેના વિશે વાત કરીએ તો સૌ પ્રથમ તો ગામના ડોકટરો સારી રીતે સેવા આપી રહયા છે જેમકે ડોકટર શોયબ દેગ માસ્તર (એમ.ડી. ફિજિશ્યન) (જેઓ પોતાની પાલેજ ખાતે હોસ્પિટલ ધરાવે છે અને ત્યાં લોકોની સારી ટ્રીટમેન્ટ કરી રહ્યા છે.), ડોકટર ઈકરામ બચ્ચા. (ઈખર કોવિડ કેર સેન્ટર માં કોવિંદના દર્દીઓનો સારવાર કરવા માટેનો ૪ મહિનાનો અનુભવ), ડોકટર લુકમાન પટેલ (હિગલ્લા વાળા) (જેઓ મેસરાડ તથા ટંકારીઆ ખાતે સારી એવી સેવા આપી રહ્યા છે), ડોક્ટર એજાજ પટેલ (કીડી) (જેઓ એક અનુભવી ડોકટર હોવાની સાથે સાથે ગામ પરગામના લોકોની સારી એવી સેવા કરી રહ્યા છે, ડોક્ટર ઉમ્મે હાની લાલન (જેઓને ડો. ઈકરામ બચ્ચા સાથે ઈખર કોવિડ કેર સેન્ટરમાં મેડિકલ લાઈનમાં સારો એવો અનુભવ મેળવ્યો છે.) ડોક્ટર મુજજમ્મિલ બોડા, ડોક્ટર અશ્ફાક રખડા,ડોકટર ઉવેશ ભડ, ડોક્ટર મોઈન ઢબુ (સામલી), ડોકટર સરફરાજ વેવલી વગેરે વગેરે સારા અનુભવી ડોકટરોની દેખરેખ હેઠળ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. ઉપરોક્ત ડોકટરોની ટીમને ડોકટર વસીમ રાજ (પામલેન્ડ હોસ્પિટલ - ભરૂચ), ડોક્ટર ઈરફાન પટેલ (ગ્લોબલ હોસ્પિટલ - ભરૂચ), ડોક્ટર અજવદ ખાન્યા (અલ મહમૂદ હોસ્પિટલ જંબુસર), મૌલાના અસ્લમ પટેલ (ભરૂચ) ની સલાહ સુચનો મળતી રહે છે.

દર્દીનો સૌ પ્રથમ પ્રવેશ કઈ રીતે.....?

દર્દી જ્યારે પણ કોવિડ કેર સેન્ટરમાં આવે છે તો સૌ પ્રથમ ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરી તેનું સંપૂર્ણ ચેક અપ કરવામાં આવે છે, ત્યાર બાદ ડોકટરના કહેવા મુજબ પેશન્ટ દાખલ કરવા લાયક હોય તેમને એડમિશન આપવામાં આવે છે, નહિતર પેશન્ટને આગળ બીજી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાની સચોટ સલાહ આપવામાં આવે છે. અને જો કોઈ દર્દીને એડમિશન આપવામાં આવે છે તો સૌ પ્રથમ તેની ફાઈલ તૈયાર કરવામાં આવે છે ત્યાર બાદ કોવિદ કેર સેન્ટરમાં પુરુષ અને સ્ત્રી એમ બંન્નેના વોર્ડ અલગ અલગ રાખવામાં આવ્યા છે. તો દર્દી મુજબ જે તે વોર્ડમાં દાખલ કરી તેની ટ્રીટમેન્ટ શરૂ કરવામાં આવે છે.

દરરોજ સવારમાં બધા વોર્ડની સાફ - સફાઈ કરવામાં આવે છે ત્યાર બાદ દર્દીઓ ને સવારનો નાસ્તો આપવામાં આવે છે. જેમાં ચ્હા, પૌઆ, ખમણ, ઢોકળા, ઈડલી, ઈંડા વગેરે આપવામાં આવે છે, ત્યારબાદ સવારની ટ્રીટમેન્ટ શરૂ કરી દવાઓ આપવામાં આવે છે. જો ડોકટરે કોઈ દર્દીને સીટી સ્કેન અથવા **HRCT** સ્કેન કરવાનું કહ્યું હોય તો તેના માટે અંજુમન હોસ્પિટલ ટંકારીઆની એમ્બ્યુલન્સ મારફતે ભરૂચ અથવા જે-તે સ્થળે દર્દીને ઓક્સિજન બોટલ સાથે લઈ જવામાં આવે છે. દર્દીઓના પીવાના પાણી માટે હુંફાળું પાણી આપવામાં આવે છે, સવાર સાંજ આવા પાણીના કુલરની વ્યવસ્થા કરવામાં આવે છે. બપોરે ૪ વાગ્યાના આસપાસ ચાય અને દર્દીને યોગ્ય બિસ્કીટ આપવામાં આવે છે, અને ૪ વાગ્યા પછી મોસંબીનું જયુસ તથા ફ્રુટ આપવામાં આવે છે, રાત્રે દર્દીઓ ને જમવાનું આપવામાં આવે છે. સવાર સાંજના ખાવામાં દાળ ભાત, રોટી, અલગ અલગ શાકભાજી નું શાક બનાવી પીરસવામાં આવે છે, દર્દીઓના સગા જે રોકાયેલા હોય એમને પણ જમવાનું આપવામાં આવે છે. રમઝાન માસ દરમિયાન સહેરી અને ઈફતારીમા સ્ટાફની સાથે દર્દીઓના સગા જે રોઝહદારો હતાં તેમના માટે પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

કોવિડ કેર સેન્ટર ના મેઈન હોલમાં ઓકસજન પાઈપ લાઈન નું કામ પુર્ણ થયેલ છે અને ઓક્સિજન ટેંક ભાડેથી અથવા વેચાણથી લેવાની વ્યવસ્થા કરવાના પ્રયત્નો કરી રહ્યા છિએ અને એરકંડિશનર ખરીદવા માટે અને દાનમાં મેળવવા માટે ના પ્રયત્નો ચાલું છે, એક સખી સજ્જન તરફથી બે ટનના ૩ એ.સી. વાપરવા માટે આપવામાં આવેલ છે.

આ આઈસોલેશન સેન્ટર માં નાત - જાત કે ગામ - પરગામ વગેરે નો ભેદભાવ વિના સચોટ રીતે નિદાન થાય અને દર્દી તંદુરસ્ત સાજો થઈ હસ્તા - ચહેરા સાથે પોતાના કુટુંબીજનો સાથે મુલાકાત કરે એ જ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ છે અને દાનવીર સખી સજજનો પણ આ જ નેક મકસદ સાથે સંસ્થામાં કુર્બાની આપી રહ્યા છે, અત્યાર સુધીમાં ૧૯/૦૫/૨૦૨૧ બુધવાર સુધીમાં કુલ ૧૦૦ દર્દીઓ ને એડમિશન આપવામાં

આવ્યું હતું, જેમાં થી ૪૨ જેટલા દર્દીઓ આ હેતુમાં કામયાબ થઈ ડિસ્ચાર્જ થઈ પોતાના ઘરે પરત ફર્યા. અને હજુ ૧૬ દર્દીઓ સારવાર હેઠળ છે. આ વિશેની સંપૂર્ણ માહિતી **PDF** દ્વારા આપવામાં આવી છે.

કેટલાક એવા દર્દીઓ જેઓ આર્થિક પરિસ્થિતિને કારણે, બીજી કોઈ હોસ્પિટલમાં બેડ ન મળવાના કારણે, જે ડૉક્ટરો ટંકારીયા કોવીડ કેર સેન્ટરમાં સેવા માટે જોડાયા એમણે એમની ચાલુ સારવાર હેઠળના દર્દીઓને ટંકારીયા કોવીડ કેર સેન્ટરમાં દાખલ કર્યા જેથી બધાની એક જ જગ્યાએ સારવાર કરી શકાય.

શરૂઆતમાં દાખલ થયેલા મોટા ભાગના ગામના દર્દીઓ ગામના ડોકટરોની દેખરેખ હેઠળ પોત પોતાના ઘરે સારવાર લઇ રહ્યા હતા. શરૂઆતમાં સેન્ટરમાં દાખલ થયેલા દર્દીઓમાંથી મોટા ભાગના ૭૦ વર્ષથી વધુ ઉંમરના દર્દીઓ હતા. ઉપર જણાવેલ તમામ કેટેગરીના દર્દીઓ જ્યારે દાખલ થયા ત્યારે તેમની હાલત અત્યંત નાજુક હતી, તેમનું ઓક્સિજન લેવલ ૫૦ % કે તેનાથી પણ ઓછું હતું. કેટલાક દર્દીઓનું ૩૫% જેટલું નીચું હતું. અમુક દર્દીઓ તો ગાડીમાંથી નીચે ઉતારી ઈમરજન્સી વોર્ડમાં લઈ જતાની સાથે જ અમુક કલાકોમાં અલ્લાહની રહમતમાં પહોચી ગયા હોય છે. આ અંગેનો વિગતવાર રિપોર્ટ સાથે રજૂ કરવામાં આવે છે. જેમાં એમના ઓક્સિજનની લેવલ જેવી વિગતો આવરી લેવામાં આવી છે. ગયા વર્ષે કોરોના મહામારી શરૂ થઈ ત્યારથી આપણે ભરૂચ, વડોદરા, સુરત, જંબુસર, વલણ, ઈખર જેવી અનેક પ્રતિષ્ઠિત હોસ્પિટલોમાં દર્દીઓને દાખલ કર્યા પછીના ખુબજ ટૂંકા સમયમાં અમુક કલાકોમાં કે એથીય ઓછા સમયમાં મૃત્યુના સમાચારો સતત સાંભળતા રહ્યા છે જેના ઉપર ઘણા તર્ક વિતર્ક **(Injection)** પણ આપણે સતત સાંભળતા રહ્યા છીએ. ખરેખર એનું મુખ્ય કારણ એ છે કે દર્દીઓ હોસ્પિટલોમાં જલ્દી દાખલ થતાં નથી કે કેટલાક કારણસર દાખલ કરી શકાતા નથી, એવા દર્દીઓ જ્યારે અત્યંત ક્રિટીકલ કંડીશનમાં આવી જાય ત્યારે જ સેન્ટરમાં/ હોસ્પિટલમાં દાખલ થવા આવે છે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. આવા દર્દીઓ ક્યારેક તો હજુ સારવાર બરાબર શરૂ કરી ના થઈ શકી હોય અથવા સારવારના બિલકુલ શરૂઆતના તબક્કામાં અલ્લાહની રેહમતમાં પહોંચી જતા હોય છે. આવાં અચાનક (**Suddenly**)મૃત્યુ વિશે પણ અમૂક કારણો હોય છે જેમ કે દર્દીને શ્વાસ લેવામાં તકલીફ થતી હોય (ઓકસિજન લેવલ બરાબર ન હોય), નસોમાં લોહીના ગથ્થા જામી ગયા હોય, બ્લડનું સર્કયુલેશન ના થવાથી હાર્ડ એટેક આવી જાય જેના કારણે મૃત્યુ થતું હોય છે. કોઈ મુસલમાન ડોકટર કે નર્સ કે કોઈ પણ મુસલમાન વ્યક્તિ મુસલમાનોનું અકાળે અવસાન થાય એવું દુનિયાના કોઈ હિસ્સામાં ક્યારેય કરતા નથી, એજ તો ઈમાનનો નાનામાં નાનો હિસ્સો ધરાવનાર મુસલમાનોના મુસલમાન હોવાની દલીલ છે. મુસલમાન ગેરમુસ્લમાનને પણ મુત્યુ પામતો જોઈ નથી શકતો એ એટલો નરમ દિલનો હોય છે જે એનામાં રહેલ ઈમાનની અસરોને લીધે હોય છે. તો પછી એક સવાલ ઉદભવે છે કે તમે આવા ક્રીટીકલ કંડીશન વાળા દર્દીઓને શા માટે એડમિશન આપો છો. તો તેનો આસાન

જવાબ છે કે કોઈ બિમાર વ્યક્તિ અનેક પ્રયાસો પછી કે અનેક મજબૂરીનો સામનો કર્યા પછી યા કેટલાક કિસ્સામાં ડર કે ગભરાહટ કે સાચી પરિસ્થિતિનો સમયસર અંદાજ કાઢી શકવા અસમર્થ હોવાથી અત્યંત નાજુક હાલત સુધી પહોંચી ગયા પછી મજબૂરીઓ સાથે આપણા દરવાજા પર ઉમ્મીદ લઈને આવે તો શું આપણે તેને ધક્કો મારી કાઢી મુકીશું... ?

તો સાચી વાત આ છે કે આવા કપરા હાલાતમાં કોઈ વ્યક્તિ પોતાનું દર્દી આવી હાલતમાં લઈને આવે તો તેને માનવતાના ધોરણે જરૂરી ટ્રીટમેન્ટ શરૂ કરી આપીએ છીએ અને ઓકસજનની જલ્દીથી સુવિધા ઉપલબ્ધ કરી આપવામાં આવે છે અને ત્યારબાદ પણ કંટ્રોલ બહાર થઇ જાય તો પછી આપણે મોત આગળ કશું કરી શકવાના નથી. આ જ તેનો અંતિમ સમય હતો, જેમાં તે પોતાના પરવરદિગાર પાસે ચાલ્યો ગયો. મોતનો સમય નક્કી હોય છે, જ્યારે મોતનો સમય આવે છે તો કુર્આનના ફરમાન મુજબ એક સેકન્ડ ના આગળ થાય છે અને ના પાછળ. નક્કી સમય, નક્કી જગ્યા અને નક્કી હાલતમાં મોતનો ફરિશતો આવી બંદાને પોતાના પરવરદિગાર પાસે મુલાકાત કરાવી આપે છે આ સ્થિતિમાં કોઈ હોસ્પિટલ કે કોઈ ડોક્ટર,નર્સ કે અન્ય વ્યક્તિની દખલગીરી હોતી નથી.

અલ્લાહ પાક ઉમ્મતે મુસ્લિમાના બધા જ મર્હુમિનની મગફિરત ફરમાવે અને જન્નતુલ ફિરદૌસ માં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે, આમીન. અને જે લોકો પણ બિમાર છે તેમને અલ્લાહ પાક પોતાના ફઝલો કરમ અને તેના મહબુબ મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ના સદકામા મુકમ્મલ શીફા અતા ફરમાવે, (આમીન યા રબ્બલ આલમીન).

અંતમાં ફરી એક વાર આ નેક કામને એકડે એકથી ઘુંટીને હોસ્પિટલ જેવા સ્વરૂપમાં ઉભું કરવામાં તન-મન-ધન જે રીતે પણ જે કોઈ પણ વ્યક્તિ એ મદદ કરી હોય તે બધાનો હદય પુર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. અને ટંકારવી બ્રધર્સ ને દિલની અઠાગ ગેહરાઈયોથી સલામ કરીએ છીએ.

દરેક દર્દીને જ્યારે ટંકારીયા કોવીડ સેન્ટર માં દાખલ કરવામાં આવ્યો ત્યારે તેની હાલત શું હતી ? એ બધું જ નોંધવામાં આવેલ છે, લોકોને સાચી જાણકારી આપવાના સારા ઉદ્દેશથી બધાજ દર્દીઓની સંપુર્ણ વિગત રજૂ કરવામાં આવેલા છે.